ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૧૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૬૩ ટકા

ગાંધીનગર તાપમાન

# વસંતોત્સવમાં વિસરતી જતી કલા અને કલાકારોનું અદભુત પ્રદર્શન

## સંસ્કૃતિ કુંજ ખાતે સમતોલન દ્વારા મન મોહી લેતી નટ બજાણિયાની કલા : આ કલાનો પહેલા એટલો રુતબો હતો કે આ કલા પર આફરીન થઈ રાજા રજવાડા ગામ- ગરાસ અને સોનામહોર આપી દેતા







ગાંધીનગર.તા.૧૮

વર્તમાન સમયમાં મનોરંજન માટે ઘણા બધા સાધનો છે. અને હવે તો ટેકનોલોજી યુગમાં વ્યક્તિ પાસે સમય જ નથી! પરંતુ ક્યારેક એવો પણ સમય હતો જ્યારે માણસ કલાનો ઉપયોગ મનોરંજન માટે જ નહીં, પણ પોતાના આર્થિક વિકાશ માટે પણ કરતા હતા. આવી જ એક કલા એટલે નટ બજાણીયા નો ખેલ.

ગામના ચોરે આખુંય ગામ બાળકથી માંડી વયોવૃધ્ધ લોકો બેસીને આનંદથી આ ખેલ નિહાળે, અને કલાકારો માટે વાહવાહી સાથે તાળીઓનો વરસાદ થઈ જતો. આનાથી લોકોને મનોરંજન મળી રહેતું અને કલાકારોને રોજી પણ મળતી. પણ આજે આ કલાકારો અને કલા માટે દયનીય સ્થિતિ ઊભી થઈ છે. ન તો કલા નિહાળનારાઓ છે ન તો કલાકરોને રોજી મળે છે. ત્યારે ગાંધીનગર ખાતે સંસ્કૃતિ કુંજમાં યોજાઈ રહેલ વસંતોત્સવ આવી વિસરતી જતી કલા અને કલાકારોની વ્હારે આવી, આ કળાની ઓળખ માટે એક માધ્યમ બન્યું છે.એક એવું માધ્યમ જે લોકો અને કલાને જોડી રહ્યું છે.

વસંતોત્સવમાં નટ બજાણીયાના ખેલ કરતા શંકરભાઈ સોલંકી કહે છે કે “એક સમયમાં જે કલાનો એટલો રુતબો હતો કે તે કલા પર આફરીન થઈ રાજા રજવાડા ગામ- ગરાસ અને સોનામહોર આપી દેતા. એ જ કલા આજે કદરદાનોની તાળીઓ માટે પણ કણસી રહી છે. આવા સમયે વસંતોત્સવ એ નટ બજાણીયાની કલા માટે એક આશાનું કિરણ બન્યો છે. ત્યારે વસંતોત્સવ લુપ્ત થતી કલા અને કલાકારોને મંચ પૂરું પાડી ગુજરાતના કલા વારસાના ગૌરવ સમી ધરોહર સાચવવાનું કામ કરી રહ્યો છે”

નટ બજાણીયાના ખેલ ક્યાંક ક્યાંક હજી પણ જોવા મળે છે. જેમાં વપરાતો શબ્દ બજાણીયો એટલે સંગીતના તાલે અંગ કસરત આદિના પ્રયોગો દ્વારા મનોરંજન કરનાર કલાકાર. એવું માનવામાં આવે છે કે, પ્રાચીન ભારતમાં ૧૪ વિદ્યા અને ૬૪ કળાઓ જાણીતી હતી, તેમાં નટ બજાણીયાની વિદ્યા નવમી વિદ્યા ગણવામાં આવે છે. આ કલાકારો હનુમાનજીને પોતાના આદ્યપુરુષ માને છે. વસંતોત્સવમાં નટકળાના કલાકારો પોતાના જીવના જોખમે નવા નવા ખેલ બતાવતા નજરે ચડે છે. આ કલાકારોને રંજ છે કે, આજે તેમની કલાની કદર કરવા વાળો વર્ગ ખૂબ જ સીમિત છે. સમગ્ર ગુજરાતમાં નટ બજાણીયાની કલાને સાચવવા માત્ર ચાર કે પાંચ મોટા ગ્રુપ છે. કારણ, હવે ટી.વી, મોબાઈલ અને બીજા પ્રસાર માધ્યમો આવ્યા ત્યારથી મનોરંજનની વ્યાખ્યા બદલાઈ ગઈ છે.જેના કારણે નટ બજાણીયાની કલા ઝાંખી પડતી ગઈ છે. નવી પેઢી આ કારણે કલાને છોડી રહી છે. હવે બજાણીયાના ખેલ કરનારા કલાકારો પણ આંગળીના વેઢે ગણાય તેટલા જ રહ્યા છે. અને કદરદાનો તો એથીય ઓછા છે. માટે જ તેઓ કહે છે કે આ છેલ્લી પેઢી છે જે આ કલા, વારસાની સાચવણી માટે પ્રયત્નશીલ છે. વસંતોત્સવમાં લગભગ ૨૩ ફૂટ ઊંચી દોરી બાંધી કલાકારો આ દોરી પર નવા નવા ખેલ કરે છે.

આ ખેલમાં વપરાતી દોરીને ‘લંકાદોર’ કહેવામાં આવે છે. આનંદ અને દુ:ખના મિશ્ર પ્રતિસાદથી આ કલાકારો જણાવે છે કે અમારી કલાને જીવંત રાખવા, લોકો વચ્ચે તેને પ્રસ્તુત કરવા માટે વસંતોત્સવ એ અમારા માટે આશીર્વાદરૂપ માધ્યમ બન્યું છે. વસંતોત્સવમાં આ કલાકારો સતત ચાર વર્ષથી ભાગ લઈ રહયા છે. આ કલા સાથે જોડાયેલા શંકરભાઈ જણાવે છે કે, “સમય સાથે બધું બદલાતું રહે છે. આજના સમયમાં કલાની કદર નથી થતી એવું પણ નથી. કેટલોક વર્ગ એવો પણ છે જે આજે પણ અમારી કલાની કદર કરે છે.

અને આવો જ વર્ગ આજે વસંતોત્સવ કે અન્ય મેળાઓ થકી અમારી કલાને બિરદાવતો પણ જોવા મળી રહ્યો છે. અમને ખુશી છે કે અમે ગુજરાતના આ કલા વારસાને સાચવી રહ્યા છીએ.”

જો કે આજે સ્થિતિ એવી છે કે નટ બજાણિયાની કલા જ અસ્તિત્વના દોરડાં પર લટકી રહી છે. આવી પરંપરાગત કલા સાવ વિસરાઈ જાય એ પહેલાં તેનું જતન થાય તે જરૂરી છે.આ કલા વારસાની જાળવણી કરવી સૌની સામાજિક જવાબદારી છે.

# મિતાલી પ્રજાપતિ અને વિધી રાઠોડ શહેરમાં પ્રથમ





ગાંધીનગર, તા.૧૮

DHYAN COMMERCE GROUP TUITION {kt S.Y.B.COM(SEM-3)ની વિદ્યાર્થિની રાઠોડ વિધી રમેશભાઈએ એ ગુજરાત યુનિવર્સિટીમાં (૪૧૩/૪૯૦) ૮૪ % સાથે સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં 15TH ક્રમ અને સમગ્ર ગાંધીનગરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. જેમાં Cost Account-67/70, Statisticsમાં ૬૬/૭૦, Corporate Account 63/70 અને Taxation-60/70 ગુણ પ્રાપ્ત કરીને Chaudhari commerce college અને સમગ્ર ગાંધીનગરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સાથે M.Com (sem-1) ની વિદ્યાર્થિની પ્રજાપતિ મિતાલી નિલકંઠભાઈએ ગુજરાત યુનિવર્સિટીમાં M.Com (sem-1) (331/420) 79% સાથે સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં 4TH ક્રમ પ્રાપ્ત કર્યો છે. જેમાં BUSINESS RESEARCH METHODSમાં 63/70 તથા ACCOUNTING FOR MANAGERS માં ૫૦/૭૦ ગુણ પ્રાપ્ત કરીને Govt. Commerce College અને સમગ્ર ગાંધીનગરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે તથા T.Y.B.Com (sem-6 )માં પણ ગુજરાત યુનિવર્સિટીમાં 3rd ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને ૪ ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત કર્યા હતા.

# જે.એમ.ચૌધરી વિદ્યાલયમાં રમતોત્સવનું આયોજન કરાયું



ગાંધીનગર, તા.૧૮

જે.એમ.ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં તાજેતરમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જુદીજુદી રમતોમાં ભાગ લીધો હતો. રમતોત્સવની શરૂઆત મશાલરેલી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને જીવનમાં રમતોનું મહત્વ વિશે માહિતી આપી હતી. શાળાની વિદ્યાર્થીની દ્વારા ખેલાડીઓને ખેલદીલીપૂર્વક રમતો રમે તે માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. વિજેતા ખેલાડીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન વ્યાયામ શિક્ષક ભાવનાબેન ચૌધરી અને હંસાબેન ચૌધરીએ કર્યું હતું.

# બીબીએ કોલેજ દ્વારા પ્લેસમેંટ ડ્રાઈવ

## VASY-ERP અને ક્રિષ્ના એસોસિયેટ કંપનીમાં વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ



ગાંધીનગર, તા.૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન બીબીએનાં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. બીબીએ બાદ મોટાભાગના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે MBA કે બીજા કેરિયર વિકલ્પો માં અભ્યાસ માટે જતાં હોય છે ત્યારે કોલેજ દ્વારા બીબીએ બાદ જે વિદ્યાર્થીઓ સીધા નોકરી મેળવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પ્લેસમેંટ ડ્રાઈવમાં કંપનીઓને આમંત્રિત કરે છે. આ વર્ષે બેક્ક ઓફ અમેરિકા, ટાટા કન્સલટન્સી સર્વિસિસ તેમજ VASY-ERP અને ક્રિષ્ના એસોસિયેટનો સમાવેશ થાય છે. કુલ ૩૭ વિદ્યાર્થીઓએ ડ્રાઈવમાં ભાગ લીધો હતો જેમાંથી ૨૯ વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યુ માટે પસંદગી પામ્યા હતા. આ ડ્રાઈવમાં ઉપરોક્ત કંપનીના પ્રતિનિધિઓને કૉલેજ વતી પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના દ્વારા આવકારવામાં આવ્યા હતા તેમજ વિદ્યાર્થીઓને તેઓનો પરિચય કરાવ્યો હતો અને વિદ્યાર્થીઓને ઈંટરવ્યૂ માટે સુસજ્જ કરવા યોગ્ય તાલીમ આપી હતી. જેથી વિદ્યાર્થીઓ યોગ્ય રીતે ઈંટરવ્યૂ આપી શકે. કંપની દ્વારા વિદ્યાર્થીઓને પસંદગી બાદ જરૂરી તાલીમ પણ આપવામાં આવશે. અનુજા ઝવેરી ટ્રેનીંગ અને રિક્રૂમેંટ ઓફિસર તેમજ જેતુલ ઠક્કર આ ડ્રાઈવ માટે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા કંપનીઓના પ્રતિનિધિઓ દ્વારા પ્લેસમેન્ટ માટેની પસંદગી બાબતની જવાબદારી નિભાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બીબીએ કોલેજ રાજ્યકક્ષાએ જ નહી પરંતુ રાષ્ટ્રીય સ્તરે મેનેજમેન્ટ તેમજ એડમિનીસ્ટ્રેશનનાં અભ્યાસમાં અવ્વલ નંબરે વિદ્યાર્થીઓને તાલીમ આપી ઉતરોતર પ્રગતી કરી રહી છે. આજનાં ગળાકાપ હરીફાઈનાં સમયમાં દરેક વિદ્યાર્થીને ફક્ત ભણતર નહી પરંતુ તેની સાથેસાથે ગણતર બાબતે પણ સૂસજ્જ કરવાની આવશ્યકતા ઉભી થઈ છે. કૉલેજનો ત્રણ વર્ષનો અભ્યાસ કારકિર્દીની શરૂઆતથી જ વિદ્યાર્થીઓને સફળતા આપાવે તેવી રિતે રોજગારલક્ષી બનાવવો આવશ્યક છે. જે બાબતે શહેરની બીબીએ કૉલેજ પ્રશંસનીય કાર્ય કરી રહી છે. વિદ્યાર્થીની સફળતા માટે તેમના વાલીઓ સ્વભાવિક રીતે ચિંતિત હોય છે. ત્યારે બીબીએ કૉલેજનાં અધ્યાપકગણ માર્કેટમાં ચાલી રહેલ ગતિવિધિઓથી વિદ્યાર્થીઓને સતત અવગત કરાવતા રહે છે.



ચિલોડા પંથકમાં આકાશી ગોરંભાયેલા વાદળો સાંજના સમયે કમોસમી ગાજવીજ સાથે વરસું વરસું મેઘરાજા અચાનક આવતા ખેતરોમાં ઉભા અને કાપેલા રવિ સિઝનનો ઘઉંનો મહામૂલો મોલ પલળી અને બગડી જવાના સંજોગો સર્જાતા ખેડુતોના મોંમાં આવેલો કોળિયો ઝુંટવાઈ જતા ભારે હતાશા વ્યાપી જવા પામી કુદરતની કરિશ્મા કે કુદરત નો કહેર સામે જગતનો તાત મજબુર બન્યો છે

# એસ.વી. સ્કૂલમાં બાળકોએ ચકલીઓ માટે ઘર બનાવ્યું



ગાંધીનગર, તા.૧૮

દર વર્ષે તારીખ ૨૦ માર્ચના રોજ ઉજવાતા ‘વિશ્વ ચકલી દિવસ’ નિમિત્તે શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પ્રી-સ્કૂલના બાળકોને ‘ચકલીઘર’ બનાવવાનો પ્રોજેકટ આપવામાં આવ્યો હતો. શાળાના શિક્ષિકાઓએ બાળકોને ચકલીઘરનું મહત્વ સમજાવી, અબોલ પક્ષીઓને મદદરૂપ થવાના ઉચ્ચ સંસ્કાર આપ્યા હતા, જે અંતર્ગત શાળાના નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જીના બાળકોએ તેમના વાલીઓની મદદથી ઘરમાં રહેલા જૂના ખોખા અને અન્ય વસ્તુઓનો ઉપયોગ કરીને ચકલીઓ માટે ચકલીઘર બનાવ્યા હતા. આ ચકલીઘર કોઈએ પોતાના આંગણામાં ઝાડ ઉપર, તો કોઈએ બાલ્કનીમાં લગાવી, પક્ષીઓ પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કરી, તેમને રહેઠાણ પૂરું પાડી, સમાજ સેવાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શાળાપરિવારે આ ઉમદા કાર્ય બદલ બાળકોને બિરદાવી, વાલીમિત્રોનો આભાર માન્યો હતો.

# આલમપુર પંચાયતના રેકોર્ડમાંથી ગેરબંધારણીય શબ્દ દૂર કરાયો

## વર્ષોથી આકારણીમાં અનુસૂચિત જાતિ અંગેનો પ્રતિબંધિત શબ્દ પ્રયોજવામાં આવતો હતો

ગાંધીનગર, તા.૧૮

આલમપુર ગ્રામ પંચાયતના રેકર્ડમાં અનુસૂચિત જાતિ માટેના ગેરબંધારણીય શબ્દનો ઉપયોગ કરવામાં આવતો હતો. ત્યારે આ બાબત એક જાગૃત નાગરિકના ધ્યાને આવતા તેણે આ શબ્દ દૂર કરવાનું બીડું ઉઠાવ્યું હતું. આ નાગરિકે આ બાબતે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, માનવ અધિકાર આયોગ વગેરે જગ્યાએ પંચાયત રેકોર્ડમાંથી હરિજન જેવો ગેરબંધારણીય શબ્દ દૂર કરવા રજૂઆતો કરી હતી. આ રજૂઆતોમાં જણાવવામાં આવ્યું હતું કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પરિપત્ર અનુસાર હરિજન શબ્દનો કોઈ પણ રેકર્ડમાં ઉપયોગ નહિ કરવા જણાવવામાં આવ્યું હતું. પરંતુ અજ્ઞાનતાના કારણે આલમપુર ગ્રામ પંચાયતમાં આકારણીમાં હરિજન જેવો શબ્દ પ્રયોજવા આવતો હતો તેમજ આ બાબતે વર્ષોથી કોઈ રજૂઆતો પણ થઈ ન હતી. ત્યારે આ જાગૃત નાગરિકની રજૂઆતો અને લડતને કારણે ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિમાં ઠરાવ કરીને અનુસૂચિત જાતિની પેટા જાતિ વણકર શબ્દનો ઉપયોગ કરી જૂનો ગેરબંધારણીય શબ્દ દૂર કરવામાં આવ્યો છે.

દેહદાન શ્રેષ્ઠદાન

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર કોદરીબેન કેશાજી ઉ.વ.૬૩, ડભોડા
- સ્વ.રાણા રજુસિંહ સુજાસિંહ ઉ.વ.૬૦, ધરમપુર ભુંડીયા
- સ્વ.વોરા જીવણભાઈ જેઠાભાઈ ઉ.વ.૬૪, ગાંધીનગર
- સ્વ.સોની શર્મિષ્ઠાબેન હસમુખરાય ઉ.વ.૭૧, ગાંધીનગર